# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

## ગુજરાત રાજય

☎(૦૭૯) ૨૩૨૫૪૩૭૭ (નિયામકશ્રી)/૨૩૨૫૪૫૦૬ (પી.એ.)
૨૩૨૫૯૭૬૦ (ફેક્સ)/ ૨૩૨૫૬૩૫૧(પરીક્ષા શાખા)
૫૨૧૦૩ (GSWAN )
e-mail:- supt-exam-dat@Gujarat.gov.in

"વિમા અને લેખા ભવન"
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
બ્લોક નં. ૧૭ ,સેકટર ૧૦/બી,
ગાંધીનગર – ૩૮૨૦૧૦

નં.:–હિતિનિ/શાસન/પરીક્ષા/૮–૨૦૧૭/મંજુરી/ ૯૨૨૧ થી ૯૭૦૧ તારીખઃ– ૮/૮/૨૦૧૭

**તાત્કાલીક / સમયમર્યાદા**

**વંચાણે લીધા :–**

(૧) પરિપત્ર ક્રમાંકઃ–હિતિનિ/શાસન/પરીક્ષા/ગુ.હિ.કા/૫–૨૦૧૭/૧૭–૪૦૮ તા.૯/૨/૨૦૧૭
(૨) પરિપત્ર ક્રમાંકઃ–હિતિનિ/શાસન/પરીક્ષા/તાબાની હિસાબી સેવા/૫–૨૦૧૭/૪૦૯ થી ૭૩૭ તા.૯/૨/૨૦૧૭
(૩) પરિપત્ર ક્રમાંકઃ–હિતિનિ/શાસન/પરીક્ષા/ગુજરાત હિસાબી સેવા/૫–૨૦૧૭/૭૩૮ થી ૧૦૧૨ તા.૯/૨/૨૦૧૭
(૪) પરિપત્ર ક્રમાંકઃ–હિતિનિ/શાસન/પરીક્ષા/૨૩૪/૬૬૩/ તા.૧૪/૭/૨૦૧૭
(૫) પરિપત્ર ક્રમાંકઃ–હિતિનિ/શાસન/પરીક્ષા/૨૦૧૭/૬૬૭–૧૧૪૫ તા.૨૭/૭/૨૦૧૭

**:: હુ ક મ ::**

ઉપરોક્ત આમુખ–(૧) થી (૫) માં જણાવેલ પરીપત્રો ખાતાની તમામ સંલગ્ન કચેરીઓને મોકલી આપવામાં આવેલ છે. તદ્નુસાર ખાતાકીય ગુજરાત હિસાબી સેવા, તાબાની હિસાબી અને ૫૯ મી ગુજરાત હિસાબી કારકુન ( નિમ્ન / ઉચ્ચકક્ષા ) પરીક્ષા માટે મંગાવેલ અરજીઓ પૈકી નીચે મુજબના પત્રકમાં દર્શાવેલ હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર ધ્વારા નિયુકત થયેલ કર્મચારીઓ તેમજ ગુજરાત પંચાયત સેવાના હિસાબનીશ અને વિભાગીય હિસાબનીશ સંવર્ગના કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા આથી મંજુરી આપવામાં આવે છે.

| પત્રક | ખાતાકીય પરીક્ષા |
|---|---|
| (એ) | ગુજરાત હિસાબી સેવા (જી.એ.એસ ) |
| (બી) | તાબાની હિસાબી સેવા ભાગ–૧ (એસ.એ.એસ ભાગ–૧ ) |
| (સી) | તાબાની હિસાબી સેવા ભાગ–૨ (એસ.એ.એસ ભાગ–૨) |
| (ડી) | તાબાની હિસાબી સેવા ભાગ–૧/૨ સંયુકત (એસ.એ.એસ ભાગ ૧/૨ સંયુકત) |
| (ઈ) | ગુજરાત હિસાબી કારકુન નિમ્નકક્ષા ( જી.એ.સી લોઅર) |
| (એફ) | ગુજરાત હિસાબી કારકુન ઉચ્ચકક્ષા ( જી.એ.સી હાયર) |
| (જી) | ગુજરાત હિસાબી કારકુન નિમ્નકક્ષા (જી.એ.સી લોઅર/હાયર) |

- ઉકત પત્રકો http://dat.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે. તથા ઈ–મેઈલ ધ્વારા દરેક જિલ્લા તિજોરી અધિકારીશ્રી તથા જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીને મોકલવામાં આવેલ છે. જે મુજબ ઉમેદવારની પાત્રતા મુજબની આપવાની થતી ખાતાકીય પરીક્ષાની અને પેપરમાં મેળવેલ મુકિત અંગેની વિગતો બરાબર હોવાની ખરાઈ/ ખાતરી કર્મચારીએ તેમજ કચેરીના વડાએ કરી લેવાની રહેશે. જો તેમ કરવામાં નહી આવે તો આ અંગે તેઓની અંગત જવાબદારી રહેશે.
- જે ઉમેદવારો નિયત સમયમર્યાદા / નિયત તક પુર્ણ થવાને કારણે પરીક્ષા ફી ભરીને પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય અને જો તેઓ પરીક્ષામાં ઉતિર્ણ થશે તો તેઓને મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે નહી. તેથી મુસાફરી ભથ્થુ ચુકવણી વખતે સદરહુ બાબતની ખાસ કાળજી રાખવી.

- ઉમેદવારોની પરીક્ષામાં ઉપસ્થિત દરમ્યાન સરકારી નાણાંની લેવડ–દેવડ કરતી તિજોરી/ પેટા તિજોરી કચેરીઓનાં કામમાં વિક્ષેપ ઉભો ન થાય તે સારૂ અત્રેની કચેરીનાં પરિપત્ર ક્રમાંકઃ–હતન–વહટ–પરીક્ષા– એસ.એ.એસ. –૮–૮–૧૩૭, તા.૨૧–૪–૮૧ માં આપેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. તથા જરૂર જણાયે કચેરીના વડાએ સ્વ.વિવેકાનુસાર નિર્ણય લઈ ઉકત સમય દરમ્યાન ઘટતી વ્યવસ્થા કરવાની રહેશે.
- આમુખ– (૫) માં જણાવેલ પરીપત્રના બિડાણઃ– પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમમાં સમય (૧૦ થી ૧), ( ૨ થી ૫ ) અને ( ૨ થી ૪ ) ના બદલે અનુક્રમે ( ૧૧ થી ૨), (૩ થી ૬ ) અને (૩ થી ૫ ) વાંચવાનુ રહેશે.
- પત્રક (એ) બેઠક નંબર – ૧૩૮ અને પત્રક (સી) બેઠક નંબર – ૭, ૩૧ , ૧૧૨ અને પત્રક (ડી) બેઠક નંબર – ૨૨ મુજબના ઉમેદવારોને ફી ચલણથી જમા કરાવવાની શરતે પરીક્ષામાં બેસવાની મંજુરી આપવામાં આવે છે.
- ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થનાર કર્મચારીઓને http://dat.gujarat.gov.in પર મુકવામાં આવેલ નિયત નમુના મુજબની **"પરીક્ષા પ્રવેશ પત્રીકા"** કચેરીના વડાએ આપવાની રહેશે.
- પરીક્ષા આપનાર તમામ પરીક્ષાર્થીએ **"પરીક્ષા પ્રવેશ પત્રીકા"** સાથે પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. **"પરીક્ષા પ્રવેશ પત્રીકા"** નહી લાવનાર ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી, તે બાબત ઉમેદવારના ધ્યાન ઉપર ભારપૂર્વક લાવવા વિનંતી છે.
- સદરહુ હુકમમાં આપેલ સુચનાઓની જાણ સંબંધિત ઉમેદવારોને કરી તેમ કર્યા અંગેની પહોંચ મેળવી અત્રેને અચુક મોકલી આપવી.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીના તાલીમ કેન્દ્રમાં તાલીમ હેઠળના કર્મચારીઓને પરીક્ષા પ્રવેશ પત્રિકા તાલીમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવશે.

**સંયુકત નિયામક**

નકલ સવિનય રવાના :–

૧. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (સ.મુ.) હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
૨. નિયામકશ્રી, પેન્શન અને પ્રો. ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
૩. પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબની કચેરી, અમદાવાદ/ ગાંધીનગર.
૪. શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ/વડોદરા/સુરત.
૫. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ................................ (તમામ.)
૬. જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ........................................ (તમામ.)
૭. હિસાબી અધિકારીશ્રી, ઈ–પગાર અને હિસાબની કચેરી,(જીએસટી), બ્લોક–૧૯, જુના સચિવાલય, ગાંધીનગર.
૮. તાલીમ અધિકારીશ્રી, તાલીમ કેન્દ્ર, બ્લોક–૧૯, જુના સચિવાલય, ગાંધીનગર.
૯. હિસાબી અધિકારીશ્રી, શાસન રા.પ.શાખા–બિ.રા.પ ૧/૨/૩ શાખા–બીલ/બજેટ શાખા, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
૧૦. તિજોરી અધિકારીશ્રી, (પેન્શન) પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ–ગાંધીનગર–સુરત–રાજકોટ–વડોદરા.
૧૧. વિભાગીય તિજોરી અધિકારીશ્રી, વિભાગીય તિજોરી કચરી, ઓ.પી.ડી.બિલ્ડીગ, નવી સિવિલ હોસ્પીટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૧૬
૧૨. નિયામકશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
૧૩. પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય હિસાબી સેવા (બિ.રા.પ) કર્મચારી મંડળ, બ્લોક નંબર–૧૧,ભોંયતળીયે, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.